ગુજરાત અનુસૂચિત જાતિ અતિપછાત વિકાસ નિગમની સીધા ધિરાણની યોજના હેઠળ લાભાર્થીઓની પસંદગી કરવા અંગેની પસંદગી સમિતિની રચના કરવા બાબત.......

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: અપબ/૧૪૨૦૧૫/૬૭૦૪૦/જ
સચિવાલય, ગાંધીનગર.
તા: /૧૦/૨૦૧૬.
17 OCT 2016

વંચાણમાં લીધા:-

૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૨૩/૦૨/૨૦૦૪નો ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૦૨/૨૫૯૭/ચ.

૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૨૯/૧૨/૨૦૦૪નો ઠરાવ ક્રમાંક:અવક/૧૩૦૪/૧૫૮૭/જ.

૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૨૪/૦૨/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક:અવક/૧૩૦૪/૧૫૮૭/૪૫૪૩૬(૧૧)/જ.

૪) ગુજરાત અનુસૂચિત જાતિ અતિપછાત વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૨૧/૦૧/૨૦૧૫નો પત્ર ક્રમાંક:ગુઅપવિનિ/૧૫/૨૧૩૨ અને તા:૩૦/૦૭/૨૦૧૫નો પત્ર ક્રમાંક:ગુઅપવિનિ/૧૫/૬૮૭-૬૮૮.

આમુખ:-

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: ૧ થી ૩ પરના ઠરાવોથી વિભાગ હેઠળનાં નિગમોમાં સીધા ધિરાણની યોજનાઓમાં લાભાર્થીઓની પસંદગી બાબતે સમિતિની રચના કરવામાં આવેલ છે. ગુજરાત અનુસૂચિત જાતિ અતિપછાત વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા તેઓના વંચાણે લીધેલ ક્રમાંક: ૪ના પત્રોથી નિગમમાં રાજ્ય કક્ષાની તેમજ જિલ્લા કક્ષાની લાભાર્થી પસંદગી સમિતિનું માળખું નક્કી કરવા માટે સરકારશ્રીમાં દરખાસ્ત કરવામાં આવેલ હતી.

ઠરાવ:

ગુજરાત અનુસૂચિત જાતિ અતિપછાત વિકાસ નિગમની ક્રમાંક નં-૪માં દર્શાવેલ દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની લાભાર્થી પસંદગી સમિતિની રચના કરવામાં આવે છે.

- રાજ્ય કક્ષાની પસંદગી સમિતિનું માળખું નીચે પ્રમાણે રહેશે:-

| ક્રમ | હોદ્દા જોગ અધ્યક્ષશ્રી/સભ્યશ્રી | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | નિગમના અધ્યક્ષશ્રી | સમિતિના અધ્યક્ષશ્રી |
| ૨ | નિગમના મેનેજીંગ ડિરેક્ટરશ્રી | સભ્યશ્રી(સભ્ય સચિવ) |
| ૩ | નિગમની કામગીરી અર્થે સંકળાયેલ વિભાગના નાણાકીય સલાહકારશ્રી | સભ્યશ્રી |
| ૪ | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ (સંબંધિત નિગમના નિયંત્રણ અધિકારી તરીકે) | સભ્યશ્રી |
| ૫ | કમિશનરશ્રી વાહન વ્યવહાર કે તેમના પ્રતિનિધિ (ફક્ત વાહન ધિરાણની યોજના માટે) | સભ્યશ્રી |

- <u>જિલ્લા કક્ષાની પસંદગી સમિતિનું માળખું નીચે પ્રમાણે રહેશે:-</u>

| ક્રમ | હોદ્દા જોગ સભ્યશ્રી | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | નાયબ નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ (સંબંધિત જિલ્લાના) | સભ્યશ્રી |
| ૨ | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (સંબંધિત જિલ્લા પંચાયત) | સભ્યશ્રી |
| ૩ | ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના મેનેજર | સભ્યશ્રી |
| ૪ | મદદનીશ જિલ્લા મેનેજર (ગુજરાત અનુસૂચિત જાતિ અતિપછાત જાતિ વિકાસ નિગમ | સભ્યશ્રી |
| ૫ | નિગમના બીનસરકારી સભ્યશ્રી (જિલ્લા પ્રભારી) આ સાથે જોડેલ યાદી પ્રમાણે | સભ્યશ્રી |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા:૧૯/૦૯/૨૦૧૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.આર.મહેતા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી, વાહન વ્યવહાર, ૬/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી(સા.ન્યા.), ૧૧/૮, સચિવાલય, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી. ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ૪/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ૧૦/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી - કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉક્ત ઠરાવને વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવા વિનંતી સહ.
- પસંદગી ફાઇલ.